સામેરી- વળતા તે વિપ્ર બોલીયા, મહારાજ શું કહો છો તમે ।
જેમ આપો આગન્યા, તેમ સહુ કરીએ અમે ॥૧॥
મહારાજ કહે એક તમે, એક અમારો તમસાથ ।
તમે લેજ્યો લાડવા, એ લેશે જેષ્ટિકા હાથ ॥૨॥

પિરશે પોતાનાં પારકાં, જો કરશો જરાય ।
તો તમને એ તાડશે, તેની રાવ રોષ ન કાંય ॥૩॥
પછી ભર્યાં મોદકનાં ગાડલાં, તેણે જુતા જોધ્ધ જુવાણ ।
પાક ફરે પંગત્યમાં, એમ જમાડે જીવનપ્રાણ ॥૪॥
તોય બ્રાહ્મણ ભુંડાઈ ન તજે, લઈ બેઠા એક એક લાકડી ।
તૈયે મહારાજ કહે કાઠિયો, તમે આવો સહુ ઘોડે ચડી ॥૫॥
લેવરાવી સૌને લાઠિયો, કાઠી આવિયા ઘોડે ચડી ।
વિના ગોળીએ વછોડીયો, ત્યાં બંધુકો બહુ પડી ॥૬॥
ભાંગી ભડાકે કોઠીયો, સુંદર દાળની સોળ ।
જાણે દુષ્ટ વિઘન પાડશું, સામું પડ્યા પોતાને રોળ ॥૭॥
ખોટે ડારે ડરાવિયા, કહે ઉઠશો જમતાં કોય ।
જરૂર તેને મારશું, તમે ઉઠજયો એવું જોય ॥૮॥
જુક્તિ કરીને જમાડીયા, નવ પડવા દીધું વિઘન ।
એમ રૂડી રીતશું, મહારાજે કરાવ્યો જગન ॥૯॥
પછી દિવસ વળતે, તેડ્યા પુરાણી પંડિત ।
કરી ચરચા ચોકમાં, ત્યાં થઈ પોતાની જીત ॥૧૦॥
લાખો લોક ભેળા થયા, નિરખવા નયણે નાથ ।
તેમાં નર તસકરા, આવ્યાતા નાખવા હાથ ॥૧૧॥
જોયો સર્વે સંઘને, બહુ ખબરદાર દીઠા ખરા ।
પછી અશ્વ ઉપરે, આવી તાકીયા તસકરા ॥૧૨॥
ત્રણ દિવસના ભુખ્યા તરષા, નયણે નિદ્રા નવ કરી ।
આવીને જુવે અશ્વને, ત્યાં ઘોડે ઘોડે દીઠા હરિ ॥૧૩॥
પછી પ્રભુને પાય લાગ્યા, કહે દયા કરજયો દયાળ ।
જ્યાંથી ગુહ્યા છુટીયે, ત્યાં કર્યા ગુહ્યા કૃપાળ ॥૧૪॥
પછી સત્સંગી થઈ, વળી ગયા પોતાને ઘેર ।
એમ પોતે અનેક રીત્યે, કરી તે લીલાલેર ॥૧૫॥
દાસનાં દુઃખ કાપવા, આપવા દર્શન દાન ।

હરેફરે હરિ સંઘમાં, વળી બેસે મેડે ભગવાન ॥૧૬॥
મેડા ઉપર મહાપ્રભુ, પળ મેલિને પોઢ્યા ઘડી ।
અજાણે એક જન આવ્યો, મનફર મેડે ચડી ॥૧૭॥
જબકી જીવન જાગિયા, વળી અચાનક ઉઠ્યા હરિ ।
કોણ હતું અમ પાસળે, એમ કહીને રીશ કરી ॥૧૮॥
પહેર્યાં હતાં બહુપેરનાં, વળી ઘરેણાં ઘણાં ઘણાં ।
અંગોઅંગ ઓપતાં, સુંદર તે સુવર્ણતણાં ॥૧૯॥
વેઢ વિંટી ને કનક કડાં, પોંચી અંગોઠી ઓપતી ।
બાજુ કાજુ બેરખા વળી, શોભે કાને કુંડળ અતિ ॥૨૦॥
કંઠે હાર તે હેમના, હુલર હીરા સાંકળી ।
અંગોઅંગ આભૂષણ પહેરી, પોઢ્યાતા પોતે વળી ॥૨૧॥
એવા સમામાં ઉઠાડિયા, વળી જાલ્મ નરે જગદીશ ।
તે સારુ સહુ ઉપરે, મહારાજે કરી રીશ ॥૨૨॥
પછી આભૂષણ ઉતારીયાં, અને ફેંકીયાં ફરતાં વળી ।
અંબર એક અંગે રાખ્યું, બીજાં મેલિયાં સર્વે મળી ॥૨૩॥
કેણે ન જવાય પાસળે, વળી બીક લાગે સહુને ।
જોઈ જીવન રૂઠડા, વળી દુઃખ થયું બહુને ॥૨૪॥
પછી ભાઈ રામદાસજી, ધીરેધીરે પાસે ગયા ।
મહારાજ વસ્ત્ર ઓઢિયે, અમ ઉપર કરી દયા ॥૨૫॥
પછી વસ્ત્ર પહેરીયાં, હસી પ્રભુજી બોલ્યા વળી ।
હતી ઉદાસી અતિ ઘણી, પણ હવે તો સર્વે ટળી ॥૨૬॥
પછી વિપ્ર તેડાવિયા, તમે કરો શીઘ્ર રસોઈ ।
લાખો માણસ જમશે, વળી કેમ રહ્યા છો સોઈ ॥૨૭॥
બ્રાહ્મણ ભેળાણા ઉંઘમાં, સુતા તે સદને સંતાય ।
તે એકોએકને ઉઠાડિયા, પ્રભુ પોતે ઝાલી બાંય ॥૨૮॥
પછી મનમાન્યા મોદક કરી, જમે વાડવ યૂથનાં યૂથ ।
પાર ન આવે પંગત્યનો, વળી મળ્યા વિપ્ર વરૂથ ॥૨૯॥

આપે સીધાં અતિ ઘણાં, માગે સાઠ્ય ત્યાં શત પાંચ ।
કોઇ રીતે સરાજામની, વળી આવે નહિ લેશ આંચ ॥૩૦॥
જેજેકાર તે થઇ રહ્યો, આપે અન્ન તે અતિઘણું ।
ભેટ્ય બાંધી બ્રાહ્મણે, જે જમીયે તે આપણું ॥૩૧॥
પછી થઇ પૂર્ણાહુતિ, યજ્ઞ નિર્વિઘ્ન થયો ।
બંકાશિર ડંકા દઈ, પ્રૌઢ પ્રતાપ જણાવિયો ॥૩૨॥
પછી વિદ્યા જોઇ વિપ્રની, દીધાં દાન દક્ષિણા ઘણી ।
રાજી કરી વળી વાડવા, વળાવિયા ભુવન ભણી ॥૩૩॥
વળી ખરચતાં ખૂટ્યા નહિ, વધ્યા લાડવા લાખો સહિ ।
ગોળ ઘી ને દાળ રસાળ, વળી પિષ્ટનો પાર નહિ ॥૩૪॥
પછી પુછ્યું નાથને, આ મોદકનું કેમ કરીએ ।
આપો ઘરોઘર ગામમાં, એમ હુકમ કીધો હરિએ ॥૩૫॥
પછી માંડ્યા આપવા, ભરીભરી મોદક ટોપલા ।
આલતાં ખુટ્યા નહિ, પોતા લાડવા અતિભલા ॥૩૬॥
વહેંચતાં વધી પડ્યા, તે નાખ્યા જળમાં જંતુને ।
મહારાજે આપી આગન્યા, વળી સાજામાંદા સંતને ॥૩૭॥
પછી સંઘ સર્વેને શીખ આપી, જાઓ સહુ સહુને ઘેર ।
પંચ વરતને પાળજ્યો, પ્રભુ ભજજ્યો રૂડિ પેર ॥૩૮॥
પછી પોતે પધારીયા, કરી તે જયજયકાર ।
કરી લીળા ડભાણમાં, અલબેલે અપરમપાર ॥૩૯॥
પોત્યે યજ્ઞ પૂરો કર્યો, પોષસુદી પુન્યમતિથિ ।
તેદિ યજ્ઞ પૂરો થયો, કર્યો યથાયોગ્ય કાંઈક કથી ॥૪૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે ડભાણમાં યજ્ઞની સમાપ્તિ કરી એ નામે ઓગણસાઠમું પ્રકરણમ્ ॥૫૯॥